# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-09-2026** **Midday : 2.30 to 2.35 PM**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**-----------------------------------------------------------------**

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# GOVT PASHUPALAK RAHAT

રાજ્ય સરકાર દ્વારા પોરબંદર, દેવભૂમિદ્વારકા, જામનગર અને કચ્છના પશુપાલકોને સબસિડી સાથે રાહતદરે ઘાસ આપવાનો નિર્ણય કરાયો. સોશિયલ મીડિયા સંદેશમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, પોરબંદરમાં ઘાસ ડેપો કાર્યરત કરાયો, જ્યાં પશુપાલકદીઠ વધુને વધુ પાંચ પશુઓ માટે બે રૂપિયા પ્રતિકિલોના રાહત દરે ઘાસનું વિતરણ શરૂ કરાયું. તો, ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ નિયમ મુજબ, સરવે અને આનાવારીની કામગીરી બાદ પાક નુકસાનીના વળતર અંગે યોગ્ય નિર્ણય કરાશે.

**(BYTE: ARJUN MODHWADIA, FOREST AND ENVIORNMENT MINISTER)**

# SRT MANSUKH MANDAVIYA CYCLING

સુરતમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાના હેતુસર આજે ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઑન સાયકલની 89-મી કડી અંતર્ગત સાયકલ રેલી યોજાઈ. કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વરાછાના મુખ્ય રસ્તાઓ પર આ રેલીનો પ્રારંભ કરાવ્યો. સવારે શરૂ થયેલી આ રેલી પ્રાણી સંગ્રહાલય, સરથાણા જકાતનાકા, વરાછા રોડ ખાતે સંપન્ન થઈ. આ પ્રસંગે શ્રી માંડવિયાએ લોકોને સાયકલ ચલાવવાના લાભ પણ જણાવ્યા હતા.

(DR. MANSUKH MANDAVIYA, MINISTER OF YOUTH AFFAIRS AND SPORTS)

હવે શ્રી માંડવિયા સુરતમાં વિકસિત ભારત સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત તેઓ પિતૃછાયા ફેબ્રિક્સ અને શ્રીજી ફેબ્રિક્સના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

# JMR POLAND RELATION

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે પૉલૅન્ડના વોર્સોમાં ગુડ મહારાજા સ્મારક તરીકે જાણીતા જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી રણજિતસિંહજી જાડેજાના સ્મારકની મુલાકાત લઈ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આ સાથે જ પૉલૅન્ડ અને જામનગરના સંબંધ ફરી તાજા થયા.

ઉલ્લેખનીય છે કે, દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન આશરે એક હજાર પોલિશ બાળકોને આશ્રય અને સંભાળ આપી માનવતાનું અદ્વિતીય ઉદાહરણ પૂરું પાડનારા જામનગરના જામસાહેબને આજે પણ પૉલેન્ડના લોકોના હૃદયમાં સન્માનપૂર્વક યાદ કરવામાં આવે છે.

# MSN YOUTH DROWNED

મહેસાણામાં એક તળાવમાં ન્હાવા ગયેલા ત્રણ યુવકના ડૂબી જવાથી મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, જોતાણા તાલુકાના સૂરજ ગામના તળાવમાં ન્હાવા જતા વખતે પાણીમાં ગરકાવ થવાથી ત્રણેયે જીવ ગુમાવ્યા. કડી પોલીસ અને મહેસાણા અગ્નિશમન દળની ટુકડીએ ઘટનાસ્થળે પહોંચી ત્રણ મૃતદેહ બહાર કાઢ્યા હતા.

# JMR ROAD ACCIDENT

જામનગરમાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે, જામજોધપુર તાલુકાના મોટી ગોપ નજીક એક રિક્ષા પલટી જતા સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બે લોકોને હૉસ્પિટલ ખસેડાયા છે. જામજોધપુર પોલીસે આ મામલે રિક્ષાચાલક સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી.

# STATE POLICE AGAINST DRUGS

રાજ્યના દરેક જિલ્લા અને શહેરોમાં ડેડિકેટેડ ઍન્ટી નાર્કોટિક્સ વિન્ગ એટલે કે, સમર્પિત નશાબંધી વિરોધી શાખા કાર્યરત્ કરાશે. કેફી પદાર્થના દૂષણને નેસ્તનાબૂદ કરવા આગામી સાત દિવસમાં આ તમામ એકમ કાર્યરત્ કરી દેવા રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે આદેશ આપ્યા. હાલ દરેક જિલ્લામાં સ્થાનિક ગુના શાખા – LCB, SOG અને સ્થાનિક પોલીસ કેફી પદાર્થ સામે કેસ કરે છે. હવે આ કામ નશાબંધી વિરોધી શાખા દ્વારા કરાશે.

આ એકમમાં એક પોલીસ ઇન્સ્પેક્ટર, એક પોલીસ સબ-ઇન્સ્પેક્ટર, બે આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર- હેડ કૉન્સ્ટેબલ અને ચાર પોલીસ કોન્સ્ટેબલ મળી આઠ સક્ષમ અધિકારી અને કર્મચારીઓનું મહેકમ રહેશે. આ ટુકડીને અલાયદા વાહન અને ચાલક પણ ફાળવાશે. જ્યારે જિલ્લા કક્ષાએ પોલીસ અધિક્ષકની સીધા દેખરેખ હેઠળ આ એકમ કાર્ય કરશે.

જ્યારે અમદાવાદ અને સુરત શહેરમાં 2-2, વડોદરા અને રાજકોટ શહેરમાં એક-એક એકમ જોઈન્ટ-એડિશનલ પોલીસ કમિશનરની દેખરેખ હેઠળ કામ કરશે. આ શાખા એક સ્પેશિયાઈઝ્ડ ટાસ્ક ફોર્સ એટલે કે, વિશિષ્ટ કાર્યદળ તરીકે માત્ર NDPS સંબંધિત ગુનાઓ પર જ કામ કરશે. આ ટુકડીને અન્ય કોઈ કામગીરી સોંપાશે નહીં.

# ADIMJUTH VAHIVATI SUDHARO

રાજ્ય સરકાર દ્વારા આદિમજૂથોના સર્વાંગી વિકાસ માટે એક વહીવટી સુધારો કરાયો. આ સુધારા મુજબ, 'મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના' હેઠળ વિકાસકાર્યોનું આયોજન, મંજૂરી, નિરીક્ષણઅને અમલીકરણ વધુ ઝડપી, પારદર્શક અને લોકાભિમુખ બને તેવો હેતુ છે. તે અંતર્ગત બિન-આદિજાતિ ચાર જિલ્લા અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ અને જુનાગઢ માટે જિલ્લાકક્ષાની સમિતિઓના 'સભ્ય સચિવ' તરીકે આદિજાતિ વિભાગના જ વર્ગ-એકના સક્ષમ અધિકારીઓને સીધી જવાબદારી સોંપવામાં આવી છે.

આ વહિવટી ફેરફારથી આદિમજૂથોના વિકાસ માટે જવાબદારી અને અધિકાર બંનેનું વધુ સ્પષ્ટ વિભાજન થયું છે. ખાસ કરીને બિન-આદિજાતિ અને છૂટાછવાયા વિસ્તારોમાં વસતા પઢાર અને સીદી સમુદાયના પરિવારો સુધી સરકારી યોજનાઓ વધુ અસરકારક રીતે પહોંચાડવાનો માર્ગ સરળ બન્યો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું.